

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

છાપાં-પક્ષો, સ્વનીતિથી, વિકાસ દર, નચાવે છે!
બચાવે કોઈ સરકાર, કોઈ શોર મચાવે છે!
હચમચાવે ગ્રોથરેટ, મરજીના માનાંકથી -
અણસમજુ પબ્લીક બિચારી પાણા પથારે છે

હાઈકુ

સટોડિયાઓ -
બિચારા સેંસેક્ષને -
લે ઊંચોનીચો...
(કોઈ પણ બહાને -)

અર્થતંત્રને
શાસ્ત્રીઓ ચઢાવે છે
સ્થંભ ઉપર...
(ગ્રાફનો -વધ-સ્થંભ)

### ચિંતન

મન સ્વારથ આપુહિ રસિક, વિષય લહરિ ફહરાય
મનકે ચલતૈ તન ચલત તા તે સરબસુ જાય ।

(સરબસુ = સર્વસ્વ)

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે, 'હે માનવીઓ !! તમારા જીવને તમારા આત્માને ગેરમાર્ગે દોરી જનારું તમારું મન તમારા કરેલા સદ્‌કર્મોને નષ્ટ કરી દે છે. મન સ્વાર્થી છે તે પોતે રસીક છે. વિષરૂપી લહેરને જોઈને થનગનવા લાગે છે. અને ચંચળ થઈને વિષયો પાછળ દોડવા લાગે છે. શરીર ચાલતું થાય એટલે સર્વસ્વ ચાલ્યું જાય છે.'

વિષયભોગમાં રાચવાની મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. અને તેના પૂર્વજન્મનાં સદ્‌કર્મો પણ નાશ પામે છે. એ સદ્‌કર્મોનું ફળ પણ તે ભોગવી શકતો નથી, કારણ કે તે ફળ તેને પ્રાપ્ત થતું જ નથી. વિષયોમાં રાચી કરેલા સદ્‌કર્મોનું ફળ તો એણે ગુમાવી જ દીધું છે. એમ કબીર કહે છે.

### સુવિચાર

- પીઠ પીછે કૌન કયા બોલતા હૈ... ફર્ક નહીં પડતા...
  સામને કિસી કા મુંહ નહીં ખુલતા... ઈતના કાફી હૈ - **ગુલનાઝ હુસૈન**
- બોલતા શેઠ... પ્રશ્નોને ઠારે... બંધ હોઠ.... પ્રશ્નોને ટાળે... પણ...
  મલકતા હોઠ... પ્રશ્નોનું નિરાકરણ લાવે - **ભોલાભાઈ ગોલીબાર**
- વીતી ગયેલા સમય ઉપરથી આવનાર ભવિષ્યની યોજનાઓ ઘડી શકાતી નથી - **એડમંડ બર્ક**
- તમારું જહાજ કિનારા સુધી ન આવે એમ હોય તો તમે તરીને કિનારે પહોંચી જાવ - **ફિલીપ સીડની**
- આગની જવાળામાંથી વરાલ નિતારીને પાણી બનાવે એનું જ નામ 'આવડત' - **એસ. ભટ્ટાચાર્ય**
- ખોટો માણસ પૂજાય અને સાચો માણસ મુંઝાય, બસ આનું નામ જ 'કળિયુગ' - **ઓશો**
- આજનું ઔષધ : જવના લોટમાં તલનું તેલ તથા છાશ મેળવીને ખંજવાળની જગ્યાએ લગાડવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના મિત્ર હેરિસન. આવકવેરા કમિશનર હતા બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી. એકવાર હેરિસન વિદ્યાસાગરના ઘરે આવ્યા. ત્યારે ઈશ્વરચંદ્રના માતા ભગવતીદેવીએ એમનું ખૂબ આદર અને સ્નેહભાવથી સ્વાગત કર્યું. ઉત્તમ પકવાન બનાવીને હેરિસનને જમાડ્યા. હેરિસને ભગવતીદેવીને પૂછ્યું, 'માતા, આપની પાસે મિલ્કત કેટલી હશે ? અને આપની વાર્ષિક આવક કેટલી હશે ?' એ વખતે વિદ્યાસગર એક કૉલેજમાં પ્રોફેસર હતા. એમનો માસિક પગાર પાંચસો રૂપિયા હતો. હેરિસનને એમ હતું કે આમની પાસે ખૂબ પૈસો હશે. એટલે કુતૂહલતાવશ એમને ભગવતીદેવીને આવો પ્રશ્ન કર્યો હતો. ભગવતીદેવીએ જવાબ આપતા કહ્યું, 'ભાઈ. ધનની મારે કોઈ કમી નથી. ઈશ્વરકૃપાથી મને એ બાબતની ખૂબ જ નિરાંત છે. પ્રભુની કૃપાથી મારી પાસે મૂલ્યવાન ચારરત્નો છે!' હેરિસને પૂછ્યું 'ચાર મૂલ્યવાન રત્નો ?' માતા ભગવતીદેવીએ કહ્યું, 'હા, ચાર કિમતી રત્નોમાં મોટું રત્ન એ મારો પુત્ર વિદ્યાસાગર છે. બાકીનાં બીજાં ત્રણ રત્નો એ મારા બીજા ત્રણ પુત્રો છે.' હેસિસન સમજી ગયા કે માતા ભગવતીદેવી પોતાના પુત્રો સઘળી સંપત્તિ કરતાં વધુ મૂલ્યવાન રત્ન સમાન માને છે. હેરિસને માતાની મમતાને વંદન કર્યા.

# અભિજીતને આર્થિક સ્થિતિની ચિંતા

**તંત્રીસ્થાનેથી...**

આલ્ફ્રેડ નોબેલના દાનમાંથી અપાતાં પાંચે પાંચ ક્ષેત્રોનાં નોબેલ પ્રાઈઝ જાહેર થઈ ગયાં છે. વિશ્વના આ સૌથી પ્રતિષ્ઠિત પારિતોષિક સામે દુનિયા આખી ઉત્સુકતાપૂર્વક મીટ માંડી રહેતી હોય છે. શાંતિ માટેનું નોબેલ ઈનામ મેળવવા વિશ્વનાં મહાન રાષ્ટ્રો રીતસરનું લોબીઈંગ કરતાં હોય છે. આ વખતે એ પારિતોષિક સાવ ગરીબ કંગાળ ગણાતા આફ્રિકા ખંડના ઈથિયોપિયાના નેતાને મળ્યું છે કારણ કે એમને પાડોશી પ્રદેશ સાથે દાયકાઓથી ચાલતા વૈમનસ્યનો સુખદ ઉકેલ આણવામાં સફળતા મેળવી હતી. કયારેક આ ઈનામ માટે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું નામ નોમિનેટ થયેલું, ઓછામાં ઓછું લાગલગાટ ચારેક વર્ષ આ નામ ચર્ચાતું રહ્યું પરંતુ નોબેલ પારિતોષિકની નિર્ણાયક સમિતિને ગાંધીજી હિંદુઓના નેતા લાગ્યા હતા. એમની અહિંસા દુનિયાભરમાં વખણાતી રહી પણ આઝાદી વખતે તો હિંદુસ્તાનમાં કોમી રમખાણોના કારણે લોહીની નદીઓ વહેતી હતી. મધર ટેરેસા ભારતીય કુળનાં નહોતાં, પણ સવાઈ ભારતીય સેવાવ્રતી સન્નારી થઈને જીવ્યાં અને કુષ્ટ રોગીઓની સેવામાં સમર્પિત થઈ ગયાં. એમને શાંતિનું નોબેલ અપાયું હતું. કૈલાશ સત્યાર્થીને બાળ કલ્યાણ પ્રવૃત્તિ માટે પાકિસ્તાનની તરુણ વયની જાંબાઝ દીકરી મલાલા યુસુફ ઝાઈ સાથે ભાગમાં શાંતિ માટેનું નોબેલ મળ્યું હતું. વિશ્વ શાંતિ માટે સમર્પિત સંસ્થા 'બ્રહ્માકુમારીઝ' પણ ભવિષ્યમાં આ સમ્માન મેળવે એવી સંભાવના છે. સાહિત્ય માટેનું નોબેલ છેક ૧૯૧૩માં રવીન્દ્રનાથ ટાગોરને મળ્યું હતું. એ પછી ભારતીય મૂળના બીજા સર્જક નાયપોલ આ પારિતોષિક મેળવવા સદ્‌ભાગી બન્યા હતા. ભૌતિકશાસ્ત્રમાં સી.વી. રામન અને રસાયણશાસ્ત્રમાં વડોદરા યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલા વૈજ્ઞાનિક વેંકટરામન આ પારિતોષિક મેળવી ચૂક્યા છે. આ વર્ષે અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક ભારતીય મૂળના અર્થશાસ્ત્રી અભિજિત બેનર્જી અને એમનાં વિદેશી પત્ની ડુફલો તથા ક્રેમરના ફાળે જાય છે. આ ત્રણે અર્થશાસ્ત્રીઓએ વિશ્વમાંથી ગરીબી નાબૂદ કરવા માટેના રસ્તા ચીંધ્યા છે. એમના સંશોધનથી ભારતનાં ૫૦ લાખ બાળકો લાભાન્વિત થયા છે. એમણે શોધી કાઢ્યું છે કે બાળકોને વધારે પુસ્તકો અને મફત ભોજન આપ્યાથી થનાર લાભ કરતાં કમજોર બાળકોને ઓળખી કાઢી મદદરુપ બનવાથી સારું શૈક્ષણિક પરિણામ મેળવી શકાયું છે. અભિજિત બેનર્જી ભારતમાં શિક્ષણ, પર્યાવરણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રમાં પ્રદાન કરતા રહ્યા છે. બિહાર અને આંધ્રપ્રદેશમાં નરેગા પ્રોજેક્ટમાં તેઓ સામેલ હતા અને રાહુલ ગાંધીના મહત્વાકાંક્ષી 'ન્યાય' મુદ્દાના પરામર્થક હતા, જેમાં એક નિશ્ચિત રકમ દરેક નાગરિકને હપ્તાવાર સરકાર પૂરી પાડવાની હતી જેથી તે ગરિમાપૂર્વક જિંદગી જીવી શકે. 'મોદીનોમિક્સ' તરીકે ઓળખાતી વર્તમાન સરકારની અર્થનીતિના તેઓ પ્રખર ટીકાકાર છે. વર્તમાન ભારતની આર્થિક અવદશા વિશે તેઓ ચિંતિત છે અને એ માટે નોટબંધી તથા જીએસટી જેવી બાબતોને જવાબદાર ગણે છે. સરકારની નવી અર્થનીતિને કારણે છેલ્લાં ઘણાં વર્ષો દરમિયાન પ્રજાની ખરીદશક્તિમાં કયારેય નહોતો એટલા મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે. આથી આગામી સમયગાળો દેશ માટે કપરો હશે એવી આગાહી તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કરી છે. જો કે વિવેક ખાતર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમને અભિનંદન આપવા પડ્યા છે. અગાઉ નોબેલ ઉપરાંત 'ભારત રત્ન' જેવા સર્વોચ્ચ એવોર્ડ મેળવી ચૂકેલા અર્થશાસ્ત્રી અમર્ત્યસેન પણ મોદીનોમિક્સના પ્રખર ટીકાકાર તરીકે જાણીતા છે.

# દિકરાની વાતથી નિરુત્તર થઈ ગયેલા સિનિયર ડો. પુનિત નવા જમાનાના ગણિતમાં ગૂંચવાઈ ગયા



**નવાં કલેવર**
**નટવર હેડાઉ**

શહેરની મધ્યમાં વિશાળ કહી શકાય તેવી ડૉ. પુનિતની હોસ્પિટલ હતી. બધી મળીને વીસ-પચ્ચીસ નર્સો હતી. તેમાં કોઈની ડ્યુટી રાતની આવતી તો કોઈની દિવસની. તેથી આ નર્સોને ડોરમેટરી તરીકે એક મોટો ઓરડો આપવામાં આવ્યો હતો. મે મહિનાની ગરમી પડવા લાગી હતી. ડોરમેટરીના બંને પંખા બગડી ગયેલા હતા. આ વર્ષે હજુ સુધી કુલર પણ મૂકવામાં આવ્યું ન હતું. સીનીયર ડૉ. પુનિત હતા ત્યાં સુધી કંઈ કહેવાની જરૂર પડતી ન હતી. બધું જ આપમેળે સમયસર થઈ જતું. ડૉરમેટરીની બાજુમાં થોડી ખાલી જગ્યા હતી. નર્સોની માંગણી હતી કે એ જગ્યાએ તેમના માટે અલગ ટોઈલેટ બ્લોક બને. ડૉ. પુનિતે આશ્વાસન આપ્યું હતું કે બીજું કોઈ કામ નીકળશે તેની સાથે આ પણ કઈ દઈશું. તે દરમિયાન તેમના પુત્ર નીતિન પુનિતનું પોસ્ટ ગ્રેજ્યુએશન પૂરું થઈ ગયું. અનો તે આ જ હોસ્પિટલમાં આવી ગયા. સિનિયર ડૉ. પુનિતે હોસ્પિટલના વહીવટમાંથી પોતાનો હાથ ખેંચી લીધો અને ધીરે ધીરે સંપૂર્ણ વહીવટ ડૉ. નીતિનના હાથમાં આવી ગયો. ડૉ. નીતિન આ હોસ્પિટલની કાયાકલ્પમાં લાગી ગયા. ડૉરમેટરીના પંખા રીપેર કરવાની વાત એકથી વધુ વખત તેમની પાસે પહોંચાડવામાં આવી હતી. પરંતુ જયારે સ્થિતિમાં ફેર ન પડતો ત્યારે 'કંચન કાકી' ના નેતૃત્વમાં આઠ દસ નર્સો ડૉ. નીતિનને મળી અને પંખા દુરસ્ત કરવા તેમજ કુલર મૂકવાની વાત કરી. ડૉ. નીતિન કંચન કાકીને ઓળખતા હતા. તે ડૉ. પુનિતની હોસ્પિટલમાં ઘણાં વર્ષોથી કામ કરતા હતા. ડૉ. નીતિને કહ્યું, 'કાકી તમે પણ શું પંખાને કુલરની વાત પકડીને બેઠા ચો. હવે તો આખી હોસ્પિટલ આપણે એર કન્ડીશન કરવાના છીએ. બસ થોડા દિવસ ખમી જાવ.'

'પરંતુ, સાહેબ ઉનાળાના દિવસ છે. રાતની ડ્યુટી પછી જેને હોસ્પિટલમાં સૂવું પડે છે તેમના માટે ગરમીમાં બહુ મુશ્કલી પડે છે.' કંચન કાકીએ ધ્યાન રાખ્યું છે. ડૉ. નીતિન તેમને માન આપે છે પણ એ છે તો ડૉકટર, અને વાત હવે તો એ સર્વેસર્વા છે.

તો તમે એમ કરો ને જનરલ વોર્ડમાં બંને ખૂણે બે-બે પલંગ મુકાવી દો. જેથી નર્સોને તકલીફ નહીં પડે. અથવા પછી નર્સિંગ રૂમમાં એડજેસ્ટ કરો. મહિના બે મહિનાની વાત છે. ત્યાં સુધીમાં રિનોવેશન થઈ જશે.'

નર્સોએ ખરેખર પોતપોતાની રીતે અન્યત્ર એડજેસ્ટ કરી લીધું. રિનોવેશન પૂરું થઈ ગયું. પરંતુ તેમાં નર્સો માટે કોઈ ડૉરમેટરી ન હતી. તેની જગ્યાએ એક વધારાનો 'સ્પેશિયલ વોર્ડ' બનાવી દેવામાં આવ્યો હતો. નર્સોએ સિનિયર ડૉ. પુનિત પાસે જઈ રજૂઆત કરી. સિનિયર ડૉ. પુનિતે ડૉ. નીતિનને બોલાવી કહ્યું, 'જૂઓ, જો આપણે આપણા સ્ટાફની સુવિધાઓનું ધ્યાન નહીં રાખીએ તો તેમની પાસે દરદીઓની સારી સારસંભાળની અપેક્ષા કઈ રીતે રાખી શકીએ. નર્સો માટે ડોરમેટરી તો હોવી જ જોઈએ. અને મેં તેમના માટે એક અલગ ટોઈલેટ યુનિટ બનાવી આપવાનું પણ કહેલું.'

'જૂઓ, પપ્પા આમાં ઘણી નર્સો બહુ જૂની છે. તેમની ઉંમર પણ વધુ થઈ છે. હું તેમને બદલીને તેમની જગ્યાએ નવી ચુસ્ત-તંદુરસ્ત નર્સો નિયુક્ત કરવા માંગુ છું. પણ તેઓ આપણા કહેવાથી તો નોકરી છોડીને જશે નહીં. તેથી હું એવી તરકીબ અપનાવી રહ્યો છું કે જેનાથી સાંપ પણ મરી જાય અને લાકડી પણ ન તૂટે. બે ત્રણ મહિમામાં હોસ્પિટલનો કાયાકલ્પ કરી દઈશ. તમે જોતા રહો... અને પપ્પા શહેરની મધ્યમાં આવેલ આપણી આ વીસ-હજાર રૂપિયે સ્કેવર ફૂટ કિંમતની જગ્યા માટે પથારીઓની સગવડ વધારી કિંમતની જગ્યા નર્સો માટે ડૉરમેટરી બનાવવા માટે છે કે દરદીઓ માટે પથારીઓની સગવડ વધારી કિંમત વસૂલવા માટે છે. તમે જ કહો.'

દિકરાની વાતથી નિરુત્તર થઈ ગયેલા સિનિયર ડૉ. પુનિત નવા જમાનાના ગણિતમાં ગૂંચવાઈ ગયા.

# હે શ્રીકૃષ્ણ, અમારા પ્રિયજન સાથેની અમારી પ્રીતિ શાશ્વત રહો

**(ગતાંકથી ચાલુ)**

શ્રી કૃષ્ણને અર્જુન સાથેની પ્રીતિમાં કોઈ જ સંદેહ ન હતો પણ અર્જુન ઈંદ્રદેવના પુત્ર હતા એટલે અર્જુનના પિતા પાસેથી જ શાશ્વત પ્રીતિનું વરદાન લઈને કદાચ શ્રીકૃષ્ણ પોતાની બાજી અંકે કરી લેવા માંગતા હતા. શ્રી કૃષ્ણએ ગીતાના ચોથા આધ્યાયમાં પોકારી પોકારીને કહ્યું છે કે ''યદા યદા હી ધર્મસ્ય....સંભવામિ યુગે યુગે.'' શ્રીકૃષ્ણએ ધર્મસંસ્થાપના માટે યુગે યુગે અવતાર ધારણ કરીશ એવું કહ્યું હતું. અધર્મના નાશ માટે યુગે યુગે અર્જુનના સાથ અને સહકારની જરૂર પડશે એવું શ્રીકૃષ્ણ દ્રઢપણે માનતા હતા. અર્જુન જેવા નરનાં સહકાર થકી જ નારાયણ પોતાના અવતાર લેવાના ધ્યેયો સિધ્ધ કરી શકે એટલે જ કદાચ શ્રીકૃષ્ણએ વરદાનમાં ઈંદ્રદેવ પાસેથી શાશ્વત પ્રીતિ માગી હતી. કેટલાક ભાષ્યકારો એક બીજું પણ કારણ આપતા કહે છે કે અર્જુનનું એક નામ પાર્થ પણ. પાર્થ એટલે અર્જુન અને પૃથ્વીનો મનુષ્ય પણ. પૃથ્વી ઉપરના જે કોઈ મનુષ્યને શ્રીકૃષ્ણ સાથે શાશ્વત પ્રીતિ હોય એ મનુષ્ય પાર્થ જ છે.

સાચા સંબંધો કેવા હોય શકે તેના વિશે વિશ્વ પ્રસિધ્ધ કવિ, નિબંધકાર અને નવલકથાકાર જુલીયો કોર્ટઝરનું એક સુંદર વાક્ય છે. ''તું પડી જઈશ તો હું તને ઉઠાવી લઈશ. હું જો તને નહિ ઉઠાવી શકું તો તારી સાથે હું પણ એમ જ પડ્યો રહીશ'' કોર્ટઝરે આ ટૂંકા વાક્યમાં પરોક્ષ રીતે શાશ્વત સંબંધ કેવા હોય તેનું રહસ્ય છતું કર્યું છે. શાશ્વત સંબંધની આ જ મજા છે. શાશ્વત સંબંધની આ જ ખરી મસ્તી છે.

શાશ્વત સંબંધ એટલે બે પ્રિયજન વચ્ચેનો જીવન પર્યંતનો સંબંધ તો ખરો જ પણ બેમાંથી કોઈ એકનું વહેલું મૃત્યુ થઈ ગયું ત્યારે જીવન પછીનો પણ. બે વ્યકિત વચ્ચેનો સંબંધ જીવનભર ટકી રહે એ તો સ્વાભાવિક છે પણ બેમાંથી કોઈ એક વ્યકિતનું પહેલા મૃત્યુ થઈ ગયું તો પાછળ જીવંત રહી ગયેલી વ્યક્તિ તેના સ્નેહીજનના વિરહની વેદના ભોગવે અને સાથે સાથે મૃત સ્નેહી સાથેની સુખદ સ્મૃતિઓ વાગોળ્યા કરીને જીવન વ્યતીત કરતી રહે એ જ શાશ્વત સંબંધ.

બે સ્નેહીઓ વચ્ચે એકબીજા પ્રત્યે સન્માન અને આદર આજીવન જળવાઈ રહે, બન્ને સ્નેહીઓ સંબંધોમાં એકબીજા પ્રત્યે વફાદારી અને પ્રમાણિકતા દાખવતાં રહે, બન્ને એકબીજાને લાગણીને અભિવ્યકિત કરવાની મોકળાશ આપે, બંનેના સંબંધો શુધ્ધ, નિર્મળ, નિઃશ્વાર્થ, નિષ્પાપ હોય તો એ સંબંધો શાશ્વત છે એવું શ્રદ્ધાપૂર્વક કહી શકીએ.

આપનો દેહ નશ્વર છે એટલે ઉંમર તો વધવાની જ અને ઉંમર વધવાની સાથે સાથે વાળ સફેદ થવાના, દેહ પણ કૃશ થવાનો, ચહેરાઓ ઉપર કરચલીઓ પડવાની, આંખોમાં થોડી ઝાંખપ પણ આવવાની. આવી પરિસ્થિતિમાં પણ બન્ને વચ્ચેનો સ્નેહ અને પ્રીતિ સૂર્યોદયની સાથે ખીલેલા પુષ્પો જેવી તરોતાજા રહી શકે તો રહે એ પ્રીતિનું નામ જ શાશ્વત પ્રીતિ.

શ્રીકૃષ્ણ અને અર્જુન જીવન પર્યંત સાથે ને સાથે જ રહ્યા નહોતા. કૃષ્ણનું બાળપણ ગોકુળમાં વિત્યું અને અર્જુનનું થોડું બાળપણ વનમાં તથા થોડું હસ્તિનાપુરમાં વિત્યુ. શ્રીકૃષ્ણનું શિક્ષણ સાંદીપની આશ્રમમાં થયું અને અર્જુનનું ગુરુ દ્રોણનાં આશ્રમમાં. શ્રીકૃષ્ણએ પોતાની જાત મહેનતથી સુવર્ણનગરી એવી દ્વારિકા નગરી વસાવી અને અર્જુને પોતાના ભાઈઓ સાથે મળીને, મયદાનવની સહાયથી સ્વર્ગ જેવી ઈન્દ્રપ્રસ્થ નગરીનું નિર્માણ કર્યું. શ્રીકૃષ્ણ ધર્મ સંસ્થાપના માટે જીવનભર ભારતવર્ષમાં સતત ધૂમતા રહ્યા અને અર્જુને જુદા જુદા કારણોસર જીવનનાઓ ઘણો સમય વનમાં વિતાવ્યો. આમ જીવનનો મોટાભાગનો સમય બન્ને એકબીજાથી જુદા રહ્યા છતાં બન્નેમાંથી કોઈને ક્યારેય એવી લાગણી થઈ ન હતી કે બન્ને એકબીજાથી દૂર છે. બન્નેમાંથી કોઈને ક્યારેય એવો એહસાસ થયો ન હતો કે બન્ને એકબીજાની નજીક નથી. બન્ને સદેહે સાથે નહોતા ત્યારે પણ મનથી અને આત્માથી સતત સાથે હતા. શ્રીકૃષ્ણ અને અર્જુનના ઉદાહરણ ઉપરથી એવું દ્રઢપણે કહી શકીએ કે શાશ્વત પ્રીતિ મનની હોય છે દેહની નહીં.



**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**

આપણાં સ્નેહીજન સાથેની આપણી પ્રીતિ શાશ્વત છે કે નહીં તેની ખાતરી કરવી હોય તો આપણે આપણી જાતને કેટલાક પ્રશ્નો પૂછીને આપણાં સ્નેહને કસોટીના એરણ ઉપર ચડાવવો પડે. આ પ્રશ્નો છેઃ

શું આપણા જીવનમાં સૌથી વધારે આપણાં સ્નેહીજનનું મહત્વ છે? શું આપણાં જીવનમાં કોઈપણ પ્રકારના નાના-મોટા નિર્ણયો લેતા પહેલા એ સ્નેહીજન પાસેથી આપણે સલાહ સૂચન લઈએ છીએ? શું આપણી જરૂરિયાત કરતાં આપણાં સ્નેહીજનની જરૂરિયાતોને આપણે વધારે મહત્વ આપીએ છીએ? શું આપણાં સ્નેહીજનના ઉજ્વળ ભવિષ્ય માટે આપણે સતત ચિંતિત રહીએ છીએ? શું તેમના ઉજ્વળ ભવિષ્ય માટે આપણે આપણાં અમૂલ્ય સમય અને શકિતનો ખર્ચ કરીએ છીએ? શું સ્નેહીજનને આપેલા વચનો પાળવા માટે આપણે હંમેશા કટિબધ્ધ રહીએ છીએ? શું સ્નેહીજન માટે આપણે કોઈપણ પ્રકારની સ્થાવર કે જંગમ વસ્તુનો ત્યાગ કરવા તૈયાર રહીએ છીએ? શું આપણાં સ્નેહીજન પ્રત્યે સ્વાનુભૂતિ દાખવીને એ પ્રમાણે જ આપણે વર્તન-વ્યવહાર કરીએ છીએ? આ પ્રકારના પ્રશ્નોનાં ઉત્તર જો હકારાત્મક મળે તો આપણે કહી શકીએ કે ''હા, અમારી પ્રીતિ શાશ્વત છે.'' શાશ્વત સંબંધોની આ જ પ્રતિબદ્ધતા છે. શાશ્વત સંબંધોનું આ જ રહસ્ય છે.


અર્જુન નર હતા અને શ્રીકૃષ્ણ નારાયણ, આપણે સૌ નર છીએ પણ આપણામાંથી કોઈ અર્જુન નથી. શ્રીકૃષ્ણ અને અર્જુન જેવી શાશ્વત પ્રીતિ આપણાં માટે તો એક પરીકલ્પના જ છે. આપણે કોઈએ શ્રીકૃષ્ણની જેમ ''યુગે યુગે'' અવતાર ધારણ કરવાનો નથી. આમ છતાં આપણને જે નશ્વર અવતાર મળ્યો છે એ અવતાર દરમ્યાન આપણાં જીવનમાં આવેલી બે-ચાર વ્યકિત સાથેના આપણાં સંબંધોને પણ જો શાશ્વત પ્રીતિની દિશા તરફ લઈ જઈ શકીએ તો આપણાં સંબંધો સાર્થક. શાશ્વત પ્રીતિ એ બે પ્રિયજનો વચ્ચેનું જોડાણ છે તેથી બન્ને સ્નેહીઓ એક સાથે શાશ્વત પ્રીતિ તરફ પ્રયાણ કરી શકીએ તો આપનું જીવન ધન્ય ધન્ય.

આપણે સૌ શ્રીકૃષ્ણની જેમ જ, શ્રીકૃષ્ણને જ પ્રાર્થના કરીને શ્રીકૃષ્ણ પાસેથી જ વરદાન માંગીએ કે ''હે શ્રીકૃષ્ણ, અમારા પ્રિયજન સાથેની અમારી પ્રીતિ શાશ્વત રહો''

# ભારતીય સમાજ શું સહનશક્તિ ગુમાવી ચૂક્યો છે ?

અંધકારમય રાત્રિ પૂરી થાય ને સૂર્યનું પ્રથમ કિરણ સજીવ સૃષ્ટિ માટે નવા નવા ઉમંગ-અરમાનોની છાબ ભરીને આવે છે અને ઉનાળાની સવાર જાણે જીવનરસની બહાર હોય તેવી લાગે જ છે. ભીની ભીની ઠંડી હવા શુદ્ધ વાતાવરણ મન મોહક હોય છે ત્યાર પછી સૂરજ પોતાના અસલી મિજાજમાં આવે છે ત્યાં સુધીમાં લોકો જીવન જીવવાની સજ્જતા કેળવવાનું કાર્ય પૂરુ કરતા હોય છે. જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહો શામ ! કાળની ગતિને કોઈ જાણી શક્યું નથી પરંતુ દરરોજ સવારે અખબાર પર નજર ફેરવીએ તો મન ઉદાસ અને દિલ ભરાય તેવી ઘટનાઓ પુષ્કળ જોવા - જાણવા મળે છે. ઘણા અખબારનો નેગેટિવ ન્યુઝ હેડિંગ પણ પ્રથમ પાને પ્રસિદ્ધ કરે છે પણ કડવી વાસ્તવિકતા એ છે કે દિન-પ્રતિદિન બળાત્કાર, હિંસા, હત્યા નશાખોરીથી દબંગાઈ, વેર-ઝેર યા ઈર્ષ્યાથી થતી ખૂનખરાબી વગેરે બેહદ વધતા જ જાય છે. નાના ફૂલ જેવા કોમળ બાળકોને નિર્દયતાથી મારી નાખવા કે દુષ્કર્મ કર્યા બાદ તેની લાશને સંતાડી દેવી યા દાટી દેવી, આ પ્રકારના તદ્દન ઈન્સાનિયત હિત કૃત્યો ટીવી ઉપર કે અખબારોમાં જે આવે છે તે જોઈને સંવેદનશીલ લોકો મનોમન બહુ જ વિચલિત થઈ જાય છે ! અતિ વૃદ્ધ લોકો ઉપર પરિવારના સભ્યો દ્વારા થતી મારપીટ જોઈને દિલ દ્રવી ઊઠે છે. દેખ તેરે સંસાર કી હાલત કયા હો ગઈ ભગવાન કે કિતના બદલ ગયા ઈન્સાન !! કમાણી ના હોવાથી કષ્ટ વેઠવું પડે એ સમજાય છે પરંતુ દયા વગરના વ્યવહારો અને હિંસા જે થઈ રહ્યા છે તે અતિ ગંભીર બિમારીની નિશાની છે. માણસમાં માણસ રહેતો હતો ત્યાં શૈતાન કઈ રીતે આવી ગયો છે ? આ બાબત અતિ ચિંતાકારક છે!

જો રાજા દયાહિન થાય કે ધરતી રસહિન થાય તો કોઈ ઉપાય જડતા નથી પરંતુ પ્રજા જ મૂલ્યહિન, કઠોર અને ભયાનક થઈ જાય તો શું કરવાનું ? આટલી બધી ક્રૂરતા આવે છે કયાંથી અને શા માટે આવી રહી છે ? સમાજનું આ પતન જ કહી શકાય, દરેક સમયમાં પ્રશ્નો, મુંઝવણો, ઉગ્રતા વગેરે હોય જ પણ હવે લોકો સ્વયં કાયદો હાથમાં શા માટે લઈ લે છે ? સહનશક્તિ શૂન્ય સ્તરે આવી ગઈ હોય તો હવે શું કરવું જરૂરી ?



**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**
mmtrivedi007@gmail.com

ગાંધીજીના મોડેલ સ્ટેટ ગણાતા આપણા ગુજરાતમાં પ્રતિદિન માહોલ અતિ વિકૃત થઈ રહ્યો છે. બળાત્કાર રોજ થાય છે, હિંસા, જાહેરમાં હત્યા, દબંગાઈ રોજ થાય છે જાણે કે કાયદાનો કોઈ ડર રહ્યો જ નથી તેવું રાજય બની ગયું છે. નશાખોરી બેફામ કક્ષાએ પહોંચી ચૂકી છે. કોણ આ માટે જવાબદાર છે. તેની ચિંતા કરો. ગુજરાતમાં પાણી કરતા સરળ રીતે નશીલા પ્રવાહી ઉપલબ્ધ છે. સમાજના નવી પેઢીના લોકો પાસે કોઈ જ ઉમદા આદર્શો નથી અને હોય તો બીજા કારણોથી એ જીવતા રહી શકતા નથી. તેથી અપરાધીકરણ ખૂબ જ વ્યાપક થઈ રહ્યું છે. માબાપ અગર ગરીબ છે તો જતી જિંદગીમાં તેઓ જીવતા નર્ક જેવી હાલતમાં સબડે છે જ ! માનવીય સંબંધોની ગરિમા ખોવાય ત્યારે કેન્સર જેવી બિમારીમાંથી નવજીવન આપતા એક મહિલા ડૉકટરે બિલ્ડીંગ પરથી કુદીને આપઘાત કર્યો એ ન્યુઝ જોઈ ને કે વાંચીને દિલનો ધબકાર મંદ થઈ ગયો છે! આપણે જીવનસાથીની, માબાપની, પરિવારની ગૌરવમય જે સંબંધોની વિરાસત હતી તેને પણ ખોઈ બેઠા છીએ ? સ્વાર્થનું આટલું પ્રભુત્વ કે કંઈ જ નહીં વિચારવાનું કે કોઈ દયાનું ઝરણું પણ વહે તેને બંધ કરી દેવાનું પાપ સમાજ પ્રતિદિન કરવા લાગ્યો છે. આપણી બહુધા ધાર્મિકતા હવે દંભથી વિશેષ કશું જ નથી. જે રામ ને કે કૃષ્ણને માનતા હોય એ જીવનને તો અવશ્ય સ્વીકૃત કરતા જ હોય!

આજના અતિ સ્પર્ધાત્મક યુગમાં હવે અસ્તિત્વનો પણ સંઘર્ષ શરૂ થઈ ગયો છે. જીવંત રહેવું એ મોટી મથામણ છે વિકાસની વાત તે પછી જ આવે છે તેથી સમાજ બધામાં ગણતરીબાજ થઈ ગયો છે. પૈસાથી જ સુખ કે શાંતિ મળતા નથી એ હજી ગળે ઉતરતું પણ નથી. વહાલ, સ્નેહ, સ્પંદનોની કિંમત જે જાણતા નથી એ તત્કાલ હિંસાનો માર્ગ પકડી લે છે અથવા કાનૂનનો ડર પણ નથી. જીવન માટે મહત્ત્વની ઘટના અત્રે રજૂ કરી છે.

અપનાપન, પરવાહ, આદર, ઔર થોડા સમય,
યહી હૈ વૉ દોલત જો અકસર
હમારે અપને હમ સે ચાહતે હૈ !!
જરા સી જિંદગી, અરમાન બહુત હૈ
હમદર્દ નહીં કોઈ, ઈન્સાન બહુત હૈ
દિલ કે દર્દ સુનાતે હૈ વો અન્જાન બહુત હૈ

રસ્તે જતા લોકો સ્વયં સાથે વાતો કરતા કે આકાશ તરફ જોઈને વાતો કરતા જોઈને ચોક્કસ લાગે છે કે આપણો આ સમાજ અંદરની બહુ જ પીડિત અને પરેશાન છે. એક પરિવાર એક છત નીચે સુખ ના અનુભવે તો થીગડુ કયાં મારીશું ? મનની મોટપ, હૈયામાં સહાનુભૂતિ, શબ્દોમાં મલમ અને વ્યવહારોમાં વિનય તથા આદર ઊભો નહીં થાય તો સમાજ નિશ્ચિત પણે પતનમાં દુઃખી થઈ જશે. સહનશક્તિ આજનાં જીવન સંઘર્ષ સામે ક્ષીણ થઈ ગઈ છે માટે બધાએ પોતાના જીવનમાં પ્રેમ ગંગા પ્રગટાવવાની મહેનત કરવી પડશે.

**શેર આસ્વાદ :**
**હર જગહ ઈત્ર હી નહી મહકા કરતે**
**કભી કભી શખ્શિયત ભી ખુશ્બુ દે જાતી હૈ**

# જીવનનો આનંદ પ્રકૃતિને સંગ...

ઘણા સમય પછી આજે ઘર આંગણે પ્રકૃતિ નિહાળવાનો- માણવાનો મોકો અને મન મળ્યાં. ઘર આંગણે મ્હોરેલા આસોપાલવ, જાંબુડો, લીમડાંમાં કિલકિલાટ કરતી ખિસકોલીઓને આંખ બંધ કરી, કાન સરવા કરી નિરાંતે સાંભળી. કયાંક દૂર પક્ષીઓના ટહુકવાના અવાજો સાંભળ્યા. ફૂટ-દોઢ ફૂટ ઊંચા ઊગેલાં લીલાછમ્મ ઘાસ પર ઉડતે રંગબેરંગી પતંગિયા જોહાનો લ્હાવો મળ્યો. વર્ષો પહેલાં આ દશ્યો ગાંધીનગરમાં સાવ સુલભ હતા. ૪૦ વર્ષ પહેલાનાં શાળા જીવનની યાદ આવી ગઈ.

આજે મહિનાથી પતંગિયાઓનો શોધતો હતો. પહેલાં ઓગસ્ટ-સપ્ટેમ્બર માસમાં ઉડાઉડ કરતા પતંગિયાઓ હવે બહુ થોડી માત્રામાં ઓકટોબર અધવચ્ચે દેખાયા.

મે ના અંતથી જૂન-જુલાઈ સુધી વહેલી પરોઢે ટહુકા કરતી કોયલ હોય, જાંબુડા-આસોપાલવની ડાળીઓએ આમતેમ ચડી સંતાકૂકડી રમતી ખિસકોલીઓ હોય, પેન્ડુલા આસોપાલવની ગાઢ પર્ણોથી ઢંકાયેલી જગ્યામાં હોલાનો માળો હોય, કંઈ કેટકેટલાય જીવો વૃક્ષોને પોતાનું ઘર બનાવી આશરો લેતા હોય છે. આવા અસંખ્ય જીવો સજીવો-પંખીઓ - પશુઓના આશ્રયસ્થાન એવા વૃક્ષને કાપતાં સરકારનું હૈયું શેં ચાલતું હશે !!

સેન્ટ્રલ વિસ્ટા બનાવવા, મહાત્મા મંદિર બનાવવા (જે માટે તો વૃક્ષો કપાઈ જ ગયા), રસ્તો પહોળો કરવા કે પછી બુલેટ ટ્રેન માટે આ પરોપકારી વૃક્ષોની સતત હત્યા થતી રહે છે. આ મૂર્ખામીને શું કહેવું ?!!

વૃક્ષોની ડાળીએ સંતાકૂકડી રમતી ખિસકોલીઓને બાળ સહજ બની જોવાની, આંખો બંધ કરી કાન માંડી દૂરથી આવતા પંખીઓના ટહુકાનો અવાજ સાંભળવાથી, પરભુ તું પરભુ તું બોલતા હોલા કે પછી ઉડતા રંગબેરંગી પતંગિયાઓને માણવાથી માનસિક શાંતિ મળે, પ્રસન્નતા પમાય, તે થકી આજના સ્પર્ધાત્મક જમાનાનો તણાવ (સ્ટ્રેસ), દબાણ (ટેન્શન), હતાશા-નિરાશા દૂર થાય છે. જીવન માણવાનું બળ મળે છે. ખરેખર પ્રકૃતિ સંગ જીવન જીવવાનો આનંદ કઈ નોખો જ છે.

''અસંખ્ય જીવો-પક્ષીઓના આશ્રયસ્થાન એળા
વૃક્ષને કાપતાં સરકારનું હૈયું શેં ચાલતું હશે !!''

**- યોગેન્દુ ચૌહાણ**